## સુરત મહાનગરપાલિકા

સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન

**<u>પ્રેસનોટ</u>**

સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં ફા.ટી.પી. સ્કીમ નં. ૦૭ (આંજણા) ફા.પ્લોટ નં. ૧૮૮ પૈકીમાં માનદરવાજા ટેનામેન્ટના બિલ્ડીંગ નં. બી-૧ થી બી-૩ તથા સી-૧ થી સી-૯ મળી કુલઃ-૧૨ બિલ્ડીંગોમાં આવેલ કુલઃ-૯૯૨ ફ્લેટોના વસવાટ ખાલી કરી સીલ મારવા બાબત.

ફા.ટી.પી. સ્કીમ નં. ૦૭ (આંજણા) ફા.પ્લોટ નં.૧૮૮ પૈકીમાં આવેલ માનદરવાજા ટેનામેન્ટના જર્જરીત ભાગ અવર-નવર તુટી પડવાના બનાવો બનતા આવેલ છે. લિંબાયત ઝોન કચેરી મારફત ટેનામેન્ટ વાસીઓને સમજૂત કરવામાં આવતા તા. ૦૯/૦૭/૨૦૨૪ તથા તા. ૧૦/૦૭/૨૦૨૪ નારોજ કુલ ૧૫૨ ફ્લેટો સ્વેચ્છિક રીતે ખાલી કરી સલામત સ્થળે ખસી ગયેલ છે. ત્યારબાદ વસવાટ ચાલુ રાખવામાં આવતા લિંબાયત ઝોન દ્વારા તા.૧૧/૦૭/૨૦૨૪ ના રોજ ટેનામેન્ટના બી-૧ થી બી-૩ તથા સી-૧ થી સી-૯ મળી કુલ ૧૨ બિલ્ડીંગોમાંથી કુલઃ-૭૬૮ ફ્લેટોના વસવાટ ખાલી કરાવી સીલ મારવાની કામગીરી પોલીસ વિભાગના બંદોબસ્ત મેળવી કરવામાં આવેલ છે. બાકી રહેલ ફ્લેટોના વસવાટ ખાલી કરાવી સીલ મારવાની કામગીરી આજરોજ તા.૧૨/૦૭/૨૦૨૪ ના રોજ ચાલુ રાખવમાં આવેલ, જેમાં બાકી રહેલ કુલઃ- ૭૨ ફ્લેટ વાસીઓનો વસવાટ ખાલી કરાવી સીલ મારવાની કામગીરી કરવામાં આવેલ છે. જેમાં મહદઅંશે માલિકો/ કબ્જેદારો તરફથી સ્વેચ્છિક વસવાટ ખાલી કરવામાં આવેલ છે. આમ "બી" અને "સી" ટેનામેન્ટોના કુલઃ-૯૯૨ ફ્લેટોનો વસવાટ ખાલી કરાવી સીલ મારવાની કામગીરી ૦૨(બે) દિવસમાં શાંતિપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ "સી" ટાઈપ બિલ્ડીંગની બાજુમાં મિલ્કતદાર/ કબ્જેદાર દ્વારા ટેનામેન્ટોની દિવાલને લાગુ ઈંટની દિવાલ તથા પરતાની શીટ દ્વારા બનાવેલ કાચા-પાકા ટેમ્પરરી પતરાના ગેરકાયદેસર ૪૦(ચાલીસ) નંગ શેડ તેમજ ૧૨(બાર) લારીઓનું દબાણ પણ દુર કરી સંપૂર્ણ વિસ્તાર દબાણ રહીત બનાવવામાં આવેલ છે. તા. ૦૮/૦૭/૨૦૨૪ ના રોજ પાણીનો સપ્લાય પણ બંધ કરવામાં આવેલ, તમામ ૧૨ ટેનામેન્ટમાંથી જાહેર સલામતીને ધ્યાને લઈ ઈલેક્ટ્રીક સપ્લાય, ગુજરાત ગેસ તથા સ્ટ્રીટ લાઈટની સુવિધા પણ બંધ કરવામાં આવેલ છે. સદર ૧૨ ટેનામેન્ટોમાં પ્રવેશ થતા રસ્તા તથા પેસેજ ઝોન કચેરી દ્વારા બેરીકેટ કરી બંધ કરવાની કામગીરીની શરૂઆત કરવામાં આવેલ છે.

સદર કામગીરી સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ના ઝોનલ ચીફ અને ડે.કમિશ્નરશ્રીના અધ્યક્ષ સ્થાને, કાર્યપાલક ઈજનેર ના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ બંદોબસ્ત સ્ટાફ પોલિસ ઇન્સ્પેકટર- ૦૪, પોલિસ સબ ઇન્સ્પેકટરઃ-૧૪, પોલિસ કોન્સ્ટેબલ મહિલા અને પુરુષઃ-૨૫૮, પોલીસ સ્ટાફનું બ્રીજનર વાહન નંગ-૦૩, વજ્ર વાહન નંગ -૦૧ પણ સદર કામગીરીમાં લેવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાના વોચ એન્ડ વોર્ડ વિભાગના માર્શલ મહિલા અને પુરુષઃ-૨૦, ઝોન કચેરીના ડેપ્યુટી ઇજનેરઃ- ૦૬ સહિત આસી.ઇજનેર, સુપરવાઇઝર, ટેકનીકલ આસીસ્ટન્ટ, વાયરમેન અને બેલદાર સહિત કુલઃ-૭૫, શહેર વિકાસ વિભાગ, દબાણ વિભાગના સ્ટાફ સાથે સંયુક્ત રીતે કામગીરી કરવામાં આવેલ છે. સદર કામગીરી કોઇપણ પ્રકારના ઘર્ષણ વગર કાયદા અને વ્યવસ્થા જળવાઇ તે પ્રમાણે શાંતીપુર્વક-સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં. ૧૨૪**
**તા.૧૨/૦૭/૨૦૨૪**